ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રીઝ
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૨૪ ટકા

# ગાંધીનગરના ૧૮ ઉમેદવાર જીપીએસસીમાં સફળ





ગાંધીનગર, તા.૧૩
ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાયેલી વર્ગ-૧ને વર્ગ-૨ની પરીક્ષાનું ફાઈનલ રિઝલ્ટ ગત રોજ જાહેર થયું હતું. જેમાં ગાંધીનગરના મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના ૧૮ ઉમેદવારોએ જવલંત સફળતા મેળવી સંસ્થા અને ગાંધીનગરનું ગૌરવ વધાર્યુ હતું. સંસ્થાના ઉમેદવારોની આ સિધ્ધિને સૌ કોઈએ વધાવી હતી.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા એક વર્ષ અગાઉ વર્ગ-૧ની ૮૩ અને વર્ગ ૨ની ૨૫૨ મળી કુલ ૩૩૫ જગ્યાઓ માટે જાહેરાત પ્રસિધ્ધ કરી હતી. આ જગ્યાઓ માટે રાજયભરમાં ૧.૭૧ લાખ ઉમેદવારોએ પ્રિલિમ પરીક્ષા આપી હતી. જેમાં ૬૦૫૬ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષા આપી હતી. જેપૈકીના ૧૦૪૫ ઉમેદવારો ફાઈનલ ઈન્ટરવ્યુ માટે લાયક ઠેરવવામાં આવ્યા હતા. જીપીએસસીએ ગત રોજ સફળ થનાર તમામ ઉમેદવારોનું કેટેગરી વાઈઝ લીસ્ટ જાહેર કર્યુ હતું.

આ ફાઈનલ લિસ્ટમાં ગાંધીનગરના સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આઈએએસ ટ્રેનિંગ સેન્ટર ખાતેના ૧૮ ઉમેદવારો અંતિમ યાદીમાં પસંદગી પામી જવલંત સફળતા પ્રાપ્ત કરી વર્ગ-૧માં ૮ ઉમેદવારો પૈકી સન્ની પટેલ, પ્રવિણસિંહ જેતાવત અને વિશાલ યાદવ ગેસ કેડર, ૩ ઉમેદવારો મહર્ષિ રાવ, રિયાઝ સરવૈયા અને હિમલા જોષી નાયબ પોલસ અધિક્ષક, ૨ ઉમેદવારો દેવેન કેશવાલા અને નિર્દોષ ગુપ્તા મદદનીશ કમિશનર આદિજાતિ તથા વર્ગ-૨માં ૧૧ ઉમેદવારો પૈકી ૪ ઉમેદવાર રવિ થેસીયા, પંકજ દેસાઈ, હેમાંગીની ગુજ્જર અને નિકુંજ ગજ્જરને મામલતદાર, ૪ ઉમેદવારો યુવરાજ જાડેજા, ધવલ શ્રીમાળી, કુલદિપ મકવાણા અને અંકુર દેસાઈ સેકસન અધિકારી તથા ૨ ઉમેદવાર મહેન્દ્ર પટેલ તથા નિકુંજ પટેલને મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર અને ૧ ઉમેદવાર યાજ્ઞિક ડૉકટરને જિલ્લા નિરીક્ષક જમીન દફતરના પદ પર નોકરી મેળવવામાં સફળ થયા છે. આ ઉમેદવારની જવલંત સિધ્ધિને સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ અને સંસ્થા પરિવારે વધાવી લઈ શુભેચ્છાઓ પાઠવી હતી.



સે-૩-ન્યુ ખાતે નેશનલ પોલિયો ડ્રોપ પ્રોગ્રામ હેઠળ ગત તા. ૧૧ માર્ચના રોજ નાના બાળકોને પોલિયોના ટીંપા પીવડાવવામાં આવ્યા હતા. આ કેમ્પમાં જિજ્ઞાસાબેન મકવાણા સેકટર સુપરવાઈઝર, કિવન્કલ પટેલ એ.એન.એમ., આર.ડી. વાઘેલા મેલેરીયા વર્કર, નીરુબેન પટેલ અને હર્ષ પટેલે હાજર રહી પોલિયોના ટીંપા પીવડાવ્યા હતા. આ કેમ્પમાં વસાહતના પ્રમુખ અને કમિટી મંડળના સભ્યોમાં ડૉ. એચ.ટી. પરમાર, મિશ્રાજી, નરેન્દ્રભાઈ સોની, પુરુષોત્તમ પરમાર, લખતરીયાભાઈ, કમલેશ બારોટ, ગઢવીભાઈ અને મહિલા કાર્યકર પ્રફુલ્લાબેન પીનાબેને ઉપસ્થિત રહી સુંદર કામગીરી કરી હતી. આ પ્રસંગે ડૉ. એસ.ટી. પરમારે સર્વેનો આભાર માન્યો હતો.

# બોર્ડની પરિક્ષાના પગલે શાળાઓના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા.૧૩
સમગ્ર ગુજરાતભરમાં અત્યારે હાલના સમયે ધો-૧૦ અને ૧૨ ના બોર્ડના વિદ્યાર્થીઓની પરિક્ષાનો પ્રારંભ થઈ ગયો છે. ધો-૧૦ ના વિદ્યાર્થીઓનો સમય સવારે તેમજ ધો-૧૨ ના વિદ્યાર્થીઓનો સમય બપોરનો હોવાથી શાળાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં ધો-૧ થી ૯ અને ધો-૧૧ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમય મોટાભાગની શાળાઓએ સવારે ૭ થી ૯.૩૦ સુધી કરી દીધો છે. શાળાના સમયમાં ફેરફાર કરાતા માત્ર ૨ કલાક અભ્યાસકાર્ય થવા પામે છે. જયારે કેટલીક શાળાઓમાં રજા જેવો માહોલ સર્જાય છે. માત્ર ૨ કલાક જ શાળા શરુ હોવાથી કેટલાક વિદ્યાર્થીઓ જવાનું ટાળે છે. તો બીજી તરફ પ્રાથમિક અને માધ્યમિકના વિદ્યાર્થીઓને લાવવા-મુકવા જતા વાન ચાલકોની મુસીબતમાં પણ વધારો થવા પામ્યો છે. એક સાથે તમામ વિદ્યાર્થીઓને લઈ જવા શક્ય ન હોવાથી અન્ય વાહનની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. તો શાળા છુટવાનો સમય પણ એક સાથે હોવાથી વાહન ચાલકોની સ્થિતિ પણ જાયે તો જાયે કહા જેવી થવા પામે છે. જયારે કેટલાક વિદ્યાર્થીઓએ તો બોર્ડની પરિક્ષા ચાલશે ત્યાં સુધી શાળાએ નહીં જવાનું નક્કી કરતા મીની વેકેશન જેવું લાગી રહ્યું છે. જયારે શહેરની શાળાઓમાં પણ વિદ્યાર્થીઓની હાજરી પાંખી જોવા મળી રહી છે. જયારે પરિક્ષા હોય તે દિવસે સવારનો ટાઈમ તેમજ પરિક્ષા ન હોય તે દિવસે રેગ્યુલર ટાઈમ રાખવામાં આવ્યો છે. જયારે શાળાના ટાઈમમાં ફેરફાર થતા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ હેરાન પરેશાન થઈ ગયા છે.

# પતિએ રીસામણી પત્નિની ગાડી પોતાના નામે કરાવી લેતા ફરિયાદ

ગાંધીનગર, તા.૧૩
શહેરના સેકટર-૫માં રહેતી રીસામણી પત્નિની ભાટ ખાતે રહેતા શિક્ષક પતિએ આર.ટી.ઓ. એજન્ટની મદદ લઈ મારૂતિ ઓમની વાન પોતાના નામે કરાવી દેતા સેકટર-૭ પોલિસ સ્ટેશનમાં આ મામલે પોલિસ ફરિયાદ નોંધાવા પામી છે.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૫ ખાતે રહેતી કલ્પનાબેન ગીરીશભાઈ વાણિયાના ૧૫ વર્ષ પહેલા ભાટમાં રહેતા અને શિક્ષક તરીકે ફરજ બજાવતા ગીરીશભાઈ વાણીયા સાથે લગ્ન થયા હતા. થોડા વર્ષમાં માથાકુટ થઈને કલ્પનાબેન પિયર આવી ગઈ હતી. ફરી સમાધાન થયું અને ત્યારે કલ્પનાબેનના પિતાએ તેમના જમાઈને આવવા જવા મારૂતિ વાન લઈ આપી હતી જે દિકરી કલ્પનાબેનના નામે લીધી હતી. થોડા વર્ષમાં ફરી ઝગડા થયા અને કલ્પનાબેન પિયર રહેવા આવી ગયા હતા. કોર્ટમાં ભરણપોષણ અને સ્ત્રી ધન પરત મેળવવા દાવો કરવામાં આવ્યો છે. તપાસ કરતા તેમને ધ્યાને આવ્યું કે તેમના પતિએ આરટીઓ એજન્ટ દિલીપ દાના ધારવા (રહે સે-૧૪ પ્લોટ નં. ૧૫૪/૧) સાથે મળીને પત્નિના નામની વાન ગાડી તેણીની જાણ બહાર બારોબાર પોતાના નામે કરી દીધી હતી. આ મામલે આખરે પત્નિએ પોતાના પતિ અને આરટીઓ એજન્ટ સામે વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરિયાદ આપતા સે-૭ પોલિસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.




ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ફેરા મારતા રીક્ષા ચાલકો આજે મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરને સીટી બસ સેવા મનપા વિસ્તાર પુરતી મર્યાદિત રાખવા માટે આવેદન પત્ર આપવા મહાનગર સેવા સદન આવ્યા હતા. ગાંધીનગરની સીટી બસ સેવા વિસત, ચાંદખેડા, અડાલજ જેવા સ્થળો સુધી ચાલતી હોવાને કારણે આ રીક્ષા ચાલકોની ધંધા-રોજગાર પર માઠી અસર પડવા પામી છે. સીટી બસ સેવાને શહેરની હદથી બહારના વિસ્તાર સુધીની સેવા વિસ્તારવાને પગલે આ રીક્ષાચાલકોને તેમની રોજગારી છીનવાતી હોવાનું જણાવી ગાંધીનગર અને અમદાવાદ સંયુકત રીક્ષા ડ્રાઈવર એસોસિએશનના નેજા હેઠળ તેમણે આ સીટી બસ સેવા મનપાની હદ સુધી જ સિમિત રાખવા માંગ કરી છે.

# ડીજીપીની ડ્રાઈવ ગાંધીનગરમાં ખરેખર કાગળ પર રહી ગઈ...!

ગાંધીનગર, તા.૧૩
ગુજરાત રાજયના પોલિસ વડાએ રાજયભરમાં ૧૦ થી ૧૬ માર્ચ સુધી એક સપ્તાહ માટે દારૂ-જુગાર બંધ કરાવવા ખાસ ડ્રાઈવનું આયોજન કરી દરેક જિલ્લાના પોલિસ વડાને દારૂ-જુગાર પકડવા સુચના આપી છે. જો કે ગાંધીનગર પોલિસને એકેય કેસ મળતા નથી કે તે માટે કવાયત કરાતી નથી. ડીજીપીએ ઉલ્લેખ કર્યો હતો કે આ સ્પેશયલ ડ્રાઈવ માત્ર કાગળ ઉપર ન રહે તેનું ખાસ ધ્યાન રાખવું. તો બીજી તરફ ગાંધીનગરમાં ખરેખર આ ડ્રાઈવ કાગળ ઉપર રહી ગઈ હોય તેમ લાગી રહ્યું છે. જો કે કેટલીક પોલિસ બંદોબસ્તમાં અને બબાલો શાંત પાડવામાં વ્યસ્ત છે જયારે કેટલીક પોલિસ કામચોરી માટે પંકાયેલી છે...!

ડીજીપી શિવાનંદ ઝા એ ૧૦ થી ૧૬ માર્ચ સુધી એક સપ્તાહની સ્પેશયલ ડ્રાઈવ રાખી છે રાજયભરમાં દારૂ અને જુગારના ધમધમી રહેલા અડ્ડાઓ બંધ કરાવી આ પ્રવૃત્તિઓ અટકાવવા રાખેલી સ્પેશયલ ડ્રાઈવના આદેશના લેટર દરેક જિલ્લા પોલિસ વડાને મોકલ્યા છે. આ લેટરમાં સ્પષ્ટ ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે કે આ ડ્રાઈવ માત્ર કાગળ ઉપર ન રહે તેનું ધ્યાન રાખવું. કોઈ કારણોસર ગાંધીનગરમાં આ ડ્રાઈવ ખરેખર કાગળ ઉપર રહી ગઈ હોય તેમ લાગે છે. ગાંધીનગર પોલિસ વિધાનસભા, સત્યાગ્રહ છાવણી અને તાજેતરમાં રોજ બનતી રાયોટીંગની ઘટનાઓમાં બંદોબસ્તમાં તૈનાત હોય છે એટલા માટે કેસો કરી શકતી નથી તેવુ માનવામાં આવી રહ્યું છે. જો કે કેટલોક સ્ટાફ એવો પણ છે જે કામચોર છે અને ફીલ્ડ પર જતો નથી...!

# પાટનગરમાં વાહનચોરો પુનઃ સક્રીય

## સંત સરોવર પાસેથી એક્ટીવાની ઉઠાંતરી : સે-૭ જ-ટાઈપમાંથી ફ્રંટી ગાડી ચોરાઈ ગઈ

ગાંધીનગર, તા. ૧૩
પાટનગરમાં વાહનચોરો પુનઃ સક્રીય થઈ ગયા છે. સેક્ટર-૭ પોલીસ સ્ટેશનની હદમાં બે અલગ અલગ સ્થળોએથી વધુ બે વાહનોની ચોરી થઈ હોવાની ફરીયાદ ચોપડા ઉપર નોંધાઈ છે. સંતસરોવર પાસેથી એક એક્ટીવાની અને સેક્ટર-૭ જ-ટાઈપ વિસ્તારમાંથી મારૂતી ફ્રંટી ગાડીની ચોરી થઈ હોવાનું નોંધાતા સે. ૭ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ અમદાવાદ ખાતે રહેતા યાસીન અયુબખાન મોતીવાલા તેના મિત્રો સાથે છઠ્ઠી માર્ચે ગાંધીનગર પાસે પીકનીક સ્પોટ બની ગયેલા સંત સરોવર ખાતે આવ્યા હતા. સંતસરોવરમાં ન્હાઈને પરત પોતાના વાહન પાસે ગયા તો વાહન એક્ટીવા ગાયબ થઈ ગયુ હતુ. કોઈ વાહનચોર રૂ. ૧૫ હજારની કિંમતનું એક્ટીવા ચોરીને ફરાર થઈ ગયો હતો. તો બીજી તરફ સે. ૭ જ-ટાઈપ બ્લોક નં. ૧૫૩/૧૦ ખાતે રહેતા મહેશભાઈ કેશવભાઈ બ્રહ્મભટ્ટ ઉદ્યોગભવનમાં પટાવાળા તરીકે સેવા આપે છે. ૧૧મીએ રાત્રે તેમના ઘર આંગણેથી તેમની જીજે૧-જીપી-૮૮૩૩ નંબરની મારૂતી ફ્રંટી કોઈ શખ્સ ઉઠાવી ગયુ હતુ. આ મામલે પણ સે. ૭ પોલીસે ગુનો નોંધી બન્ને વાહનચોરી અંગે વધુ તપાસ શરૂ કરી છે.



ચિલોડા રોડ પર ઈસનપુર મોટા નજીક આજે બપોરના અરસામાં અચાનક એસેન્ટ કારમાં આગ ભભુકી ઉઠી હતી. આ ઘટનામાં કાર સવારોનો આબાદ બચાવ થવા પમ્યો હતો. કારમાં આગ કયા કારણસોર લાગી તે અંગેનું હજુ સ્પષ્ટ કારણ બહાર આવી શકયું નથી. આગમાં કાર સળગીને ખાખ થઈ ગઈ હતી.જો કે સદભાગ્યે કાર ચાલકની સમયસુચકતાથી કોઈને કાંઈ ઈજાઓ થવા પામી ન હતી.

## વાતવાતમાં

● ગાંધીનગરના અપના અડ્ડા ખાતે થોડાક દિવસ પૂર્વે થયેલી ચકચારી બબાલના ૪ આરોપીઓની પોલિસે ધરપકડ કરી હતી. ધરપકડ બાદ ચારેય આરોપીઓને જામીન પર મુકત પણ કરવામાં આવ્યા હતા.

● વિધાનસભામાં મંગળવારે બેવડા સત્ર હોવાથી સવારે ૯.૩૦ કલાકે પ્રારંભ કરાયો હતો. દિવસભર ચાલનારી વિધાનસભાની કાર્યવાહીના પગલે માહિતી ખાતા તરફથી પત્રકારો માટે વિશેષ ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી.

● બોર્ડની પરીક્ષામાં રજાનો દિવસ મળતા બાકી રહી ગયેલા સ્નેહીજનોએ પરીક્ષાર્થીઓને શુભેચ્છા આપવાની તક ઝડપી લીધી હતી.




ગાંધીનગરના સેકટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે રવિવારે રાત્રે ૯ કલાકે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના ઉપક્રમે 'બેટી બચાવો-બેટી પઢાવો, બેટી વધાવો' ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડાયરામાં ગાંધીનગરના જાણીતા કલાકાર લોકગાયક રાજુભાઈ શ્રીમાળી રાજતરંગ ઉપરાંત સાહિત્યકાર નરહરદાન ગઢવી, આકાશવાણી રેડિયો કલાકાર નાગરભાઈ પ્રજાપતિ, લોકગીત ભજન કલાકાર સંધ્યાબેન પ્રજાપતિ અને સૂર્યપ્રકાશ સાધુએ રમઝટ બોલાવી પ્રેક્ષકોને રસતરબોળ કર્યા હતા.

# બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ માટે સેલ્સ ઈન્ડિયા ખાતે તાલીમ વર્ગ

ગાંધીનગર, તા.૧૩
ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા ધો.૧૨ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ માટે ૨ મહિનાનો રીટેલ મેનેજમેન્ટ વિષય પર સર્ટીફીકેટ કોર્સ શરુ કરવામાં આવ્યો છે. જેમાં હાલ ૪૦ પસંદગી પામેલ વિદ્યાર્થીઓ જોડાઈ તાલીમ લઈ રહ્યા છે. તેમજ અનેક વિદ્યાર્થીઓ જોડાવા માટે ઉત્સુક છે. કોલેજમાં સાંપ્રત સમયની માંગ મુજબના સર્ટીફીકેટ કોર્સ ચાલી રહ્યા છે. જે વિદ્યાર્થીઓ માટે મેનેજમેન્ટના અભ્યાસક્રમમાં સફળ




કારકિર્દીના ઘડતર માટે મહત્વપૂર્ણ સાબિત થશે. વિદ્યાર્થીઓને રીટેલ મેનેજમેન્ટ કોર્સમાં આવરી લેવામાં આવતા તમામ મુદ્દાઓ બાબતે પ્રાયોગિક તાલીમ મળી રહે તે ઉદ્દેશથી સેલ્સ ઈન્ડિયા ના રીટેલ એકમ ની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. તેમજ તેની સાથે સાથે બે કલાકની તાલીમ શિબિર પણ ગોઠવવામાં આવી હતી. જ્યાં સેલ્સ ઈન્ડીયા તરફથી આસિસ્ટન્ટ બ્રાંચ મેનેજર દીનલ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને અત્યંત મહત્વપૂર્ણ માર્ગદશન આપવામાં આવ્યું હતું. માર્ગદશન બાદ વિદ્યાર્થીઓને કંપનીની ઉપયોગી માહિતી પણ આપવામાં આવી હતી.

સમગ્ર મુલાકાત માટે કોલેજનાં આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિ, પ્રો.મેથ્યુ જોહન દ્વારા સંપૂર્ણ જવાબદારી સંભાળવામાં આવી હતી.

## ચિરવિદાય

- સ્વ. રબારી નાગજીભાઈ મફાભાઈ, ઉ.વ. ૪૦
- સ્વ. ભૂરાભાઈ કરમશીભાઈ ઠાકોર, ઉ.વ. ૮૫
- સ્વ. પુરુષોત્તમભાઈ પોટભાઈ પરમાર, ઉ.વ. ૫૪
- સ્વ. પંચાલ પસીબેન કેશવલાલ, ઉ.વ. ૯૨
- સ્વ. સુરેશજી બળદેવજી ઠાકોર, ઉ.વ. ૩૧